PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કવા–૦૩/૧૮–૧૯/ 4132-7 તા. 10-01-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગિરધરભાઈ પરબતભાઈ ટીલવા,
ગામ તોરણીયા –
વાયા બગડુ
તાલુકો જીલ્લો જુનાગઢ
મો: ૯૪૨૬૧ ૬૮૩૫૮
Pin-362263.

**વિષય :–નામ બદલી બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૬/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,બીલખા**

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


કેસ નં. : સીજીઆરએફ : ૩૬/કવા–૦૩/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૯–૧૨–૧૮ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ગિરધરભાઈ પરબતભાઈ ટીલવા, ગામ: તોરણીયા**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે જેરામભાઈ મકવાણા હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,બીલખા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

---

## : હુકમ :

**ફરીયાદ : નામ બદલી બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | **અરજદાર જણાવે છે કે, જુનાગઢ તાલુકા ના - ખડીયા ગામ ના સર્વે નંબર ૬૬ પૈકી ૧ માં સર્વે નંબર ૭૨/૧ ના કૂવામાંથી ખેતજોડાણ તેઓના પિતા શ્રી પરબતભાઈ મહીદાસ ટીલવા ના નામે અપાયેલ છે પિતાશ્રીનું અવસાન તા.૧૫–૧૨–૨૦૧૩ ના રોજ થતાં સદર જોડાણને તેઓના નામે નામ બદલી કરવા માટે ની અરજી કરેલ છે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી જણાવાયેલ કે તેઓનું જોડાણ સર્વે નંબર ૬૬ પૈકી ૧ મા આપવામાં આવેલ છે પરંતુ તેઓની જમીન નો સર્વે નંબર: ૨૦૮ છે, જેથી સર્વે નંબર: ૨૦૮ ના કાગળો રજૂ કરેલ છે તલાટી કમ મંત્રી ખડીયા દ્વારા હસ્ત લિખિત કાઢવામાં આવેલ ગામ ના નમુના નંબર ૭/૧૨ – ૮-અ માં શરતચૂક થી સર્વે નંબર ૬૬ પૈકી ૧ લખાયેલ હોય તેમ બની શકે. જ્યારે જમીન નો સર્વે નંબર: ૨૦૮ પર મોજુદ છે પીજીવીસીએલની કચેરી સર્વે નંબરની ખરાઈ મામલતદાર કચેરી જૂનાગઢમાં કરાવી શકશે, આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક માંગણી કરેલ છે.** |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ખડિયા ગામના ખેડૂત ખાતેદાર શ્રી ગિરધરભાઈ પરબતભાઇ ટીલવા કે તેઓ શ્રી પરબતભાઇ મહિદાસભાઈ ટીલવા ના નામે એક ખેતી વિષયક વીજ જોડાણ ગ્રાહક નંબર ૩૬૦૧૯/૦૦૭૦૭/૩ થી ધરાવે છે. તેઓ એ તારીખ ૨૮.૦૮.૨૦૧૮ ના રોજ આ વીજજોડાણ માં નામફેરબદલી માટે અત્રે કચેરી હેઠળ આવેલ બિલખા પેટા વિભાગીય કચેરી હેઠળ નોંધાવેલ છે.<br>આ નામ ફેર બદલ કરવાની અરજી નીતિ નિયમ મુજબ ચકાસણી કરતાં તેમાં નીચે મુજબ ખાસ કરી સર્વે નંબર ની પુર્તતા થઈ શકતી નથી, નીચેના ટેબલ ના અનુસંધાને અરજદારના આ બંને સર્વે નંબર એકજ નામે છે, |

| ક્રમ | અરજદાર નું નામ | અરજદાર નું વીજ જોડાણ - સર્વે નંબર | ખડિયા ગામ ના રેવન્યુ રેકોર્ડ પર નોંધાયેલ સર્વે નંબર |
|---|---|---|---|
| 01 | શ્રી પરબતભાઇ મહિદાસભાઈ | જૂના સર્વે નં ૬૬/૧ હતા ને જે પ્રમોલગેસન થતાં નવા સર્વે નં ૨૦૮ થાય છે | અરજદાર દ્વારા અન્ય એક રેકર્ડ આપની કચેરી ખાતે થી મેળવી ને રજ કરેલ છે તેમાં અરજદાર શ્રી પરબતભાઇ મહિદાસભાઈ ના નામે બે એન્ટ્રી પૈકી |

| | | | |
|---|---|---|---|
| | | | 1. જૂના સર્વે નં ૬૬/૧ હતા ને જે પ્રમોલગેસન થતાં નવા સર્વે નં ૨૦૭ થાય છે તથા બીજી એન્ટ્રી<br>2. આજ નામે જૂના સર્વે નંબર ૬૮ ની સામે જે પ્રમોલગેસન થતાં નવા સર્વે નં ૨૦૮ થાય છે |

૧) ખડિયા ગામે અરજદાર ના પિતાશ્રીના નામે વીજ જોડાણ મંજૂર થતાં સને ૧૯૮૧ માં તલાટી મંત્રીશ્રી ખડિયા દ્વારા હસ્ત લીખિત ગામ નમૂના નંબર ૭/૧૨ અને ૮-અ કાઢી આપવામાં આવતા વીજકચેરી બિલખાના જરૂરી સાધનિક કાગળો રજૂ કરેલ છે જેના આધારે અરજદાર ને વીજ જોડાણ આપવામાં આવેલ છે અ ૭/૧૨ અને ૮-અ નકલો માં અરજદાર ના રેવન્યુ સર્વે નં ૬૬/૧ દર્શાવવામાં આવેલ છે ૭/૧૨ ના બીજા હુકમ માં સર્વે નં ૭૨/૧ ના સંયુકત કૂવો હોવાનું દર્શાવવામાં આવેલ છે જેના પર સવાલ વાળું વીજ જોડાણ હાલ ચાલુ છે.

૨) અરજદારે તેમની માલિકી ના સર્વે નં ૨૪૮ માં સ્વતંત્ર નવો કૂવો બનાવેલ તેના પર વીજ જોડાણ માંગવામાં આવતા ત.ક.મ ખડિયા દ્વારા તા ૧૮/૦૫/૧૯૯૨ ના રોજ આ સર્વે નંબર ના હસ્ત લીખિત ૭/૧૨ અને ૮-અ કાઢવા માં આવેલ છે જેમાં તેઓ દ્વારા સર્વે નં ૨૦૮ દર્શાવેલ છે.

૩)મુદા નં ૨ અને ૩ ની વિગતે અરજદારની માલીકીની ખડિયા ગામે ફક્ત એકજ જમીન આવેલી છે જેમાં ત.ક.મ ખડિયા દ્વારા પ્રથમ ***સર્વે નં ૬૬/૧ અને ત્યારબાદ સર્વે નં ૨૦૮ દર્શાવેલ છે*** આ બાબતે મામલતદાર કચેરી (ગ્રામ્ય) જુનાગઢ ની રૂબરૂ સંપર્ક કરતાં તેઓ દ્વારા અમોને (અરજદારને) રૂબરૂ જણાવવામાં આવેલ કે ત.ક.મ ખાડિયા દ્વારા શરતચુકથી ભૂલ થઈ હોય તેવું જણાય છે.

| | |
|---|---|
| **૨.૨** | ફોરમ કમિટી મીટીંગ તા.૨૦–૧૧–૧૮ ના – ફોરમ કમિટી ની સુચના મુજબ – અરજદાર ના સદર દસ્તાવેજી પુરાવા ના આધારે તેમજ આપની કચેરી ના દસ્તાવેજો તેમજ નોંધ પરથી અત્યારે આ ખેડૂત ખાતેદાર શ્રી નાનજી તથા પરબત તથા મોહન મહિદાસ ના ખાતે કયા સર્વે નંબર વાળી જગ્યા છે તેની સ્પષ્ટતા સત્વરે કરી લેખિત માં જરૂરી દસ્તાવેજી આધાર, પુરાવા રજુ કરવા જણાવેલ.જે અનુસંધાને – સામેવાળા દ્વારા તલાટી કમ મંત્રી શ્રી ગામ ખડીયા ને પત્ર નં.–૭૪૪૯ તા.૦૧–૧૨–૧૮ થી અરજદાર ના સર્વે નંબર બાબતે સ્પષ્ટતા કરી અને જરૂરી દસ્તાવેજીક આધાર–પુરાવા રજુ કરવા વિનંતી કરેલ છે, જેથી – અરજદાર દ્વારા કરાયેલ સદરવીજજોડાણ માં નામ ફેરબદલી કરવા માટે ની અરજીનું નિરાકરણ લાવી અમારા નીતિ નિયમ મુજબ નામ ફેરબદલ કરી શકાય. અને અરજદાર ને આ અરજી નું નિરાકરણ લાવી શકાય.<br>ઉપરોકત બાબતે – મામલતદાર શ્રી ગ્રામ્ય જુનાગઢ ના પત્ર નં.–જમીન/સી/૩૩૩૨૮/૨૦૧૮ તા.૨૬–૧૨–૧૮ ની નકલ રજુ કરેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે,<br>1. અરજદાર જુનાગઢ તાલુકા ના - ખડીયા ગામ ના સર્વે નંબર ૬૬ પૈકી ૧ માં સર્વે નંબર ૭૨/૧ મા આવેલ કૂવામાં ખેતી વિષયક વીજ જોડાણ ગ્રાહક નંબર ૩૬૦૧૯/૦૦૭૦૭/૩ થી તેઓના પિતા શ્રી પરબતભાઈ મહીદાસ ટીલવા ના નામે અપાયેલ છે.<br>2. સદર વીજજોડાણ મેળવવા માટે ના નિયત અરજીપત્રક મુજબ – પરબતભાઈ મહીદાસ દ્વારા ગામ: ખડીયા સર્વે નંબર: ૬૬/૧ અને કુવો ૭૨/૧ માં ૦૫ હોપા માટે અરજી કરેલ છે. જે અન્વયે – ભાવપત્રક તા.૨૧–૦૫–૮૪ ભરપાઈ થતા – કરાયેલ કરારનામા મા પણ સર્વે નંબર: ૬૬/૧ બતાવેલ છે. |

| | |
|---|---|
| | 3. અરજદાર ના પિતા શ્રી પરબતભાઈ મહીદાસ ટીલવા નું અવસાન તા.૧૫–૧૨–૨૦૧૩ ના રોજ **થતાં સદર જોડાણને તેઓના નામે નામ બદલી કરવા માટે ની અરજી** તા.૨૮–૦૮–૨૦૧૮ થી **કરેલ છે.** જે અનુસંધાને – અરજદાર ને પત્ર નં.–૨૧૨૩ તા.૨૮–૦૮–૨૦૧૮ **સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી જણાવાયેલ કે** સદર વીજજોડાણ **સર્વે નંબર ૬૬ પૈકી ૧ મા આપવામાં આવેલ** છે, પરંતુ, અરજદાર દ્વારા સર્વે નંબરઃ ૨૦૮ ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ છે, જે બાબતે અથી સ્પષ્ટતા કરવા તેમજ જરૂરી આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ છે.<br>4. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ના સવાલવાળા વીજજોડાણ ની કેસ ફાઈલ મુજબ – રજુ કરાયેલ હસ્તલીખીત ૭–૧૨,૮–અ મુજબ નીચે પ્રમાણે વિગત છે.<br>• નમુના નં. – ૭–૧૨– સર્વે નંબરઃ ૬૬/૧ કબ્જેદાર નુ નામ પરબત મહિદાસ – ગામ –ખડીયા, જમીન ૨.૩૬.૭૪ હેક્ટર/એકર ધરાવે છે.<br>• નમુના નં. ૮–અ મુજબ ગામ –ખડીયા, ખાતા નં.–૨૨૪ સર્વે નંબરઃ ૬૬/૧ કબ્જેદાર નુ નામ પરબત મહિદાસ – ક્ષેત્રફળ ૫.૩૪ ધરાવે છે.<br>• તલાટી કમ મંત્રી શ્રી – ગ્રામ પંચાયત ખડીયા દ્વારા અપાયેલ દાખલો – તા.૧૫–૦૪–૮૪ મુજબ – પરબત મહિદાસ નો કુવો સંયુક્ત ભાગ મા છે, જેના સર્વે નંબરઃ ૭૨/૧ છે.<br>5. અરજદાર દ્વારા રજુ કરાયેલ હસ્તલીખીત ૭–૧૨,૮–અ મુજબ નીચે પ્રમાણે વિગત છે.<br>• **ગામ ના નમુના નં.૮–અ તા.૧૮–૦૫–૯૨ મુજબ સર્વે નંબરઃ ૨૦૮ ખાતા નં.–૨૧૯ કબ્જેદાર નુ નામ – પરબત મહિદાસ જમીન ક્ષેત્રફળ – ૦૬ એકર ૦૨ ગુઠા બતાવેલ છે.**<br>• **ગામ ના નમુના નં.૭–૧૨ તા.૧૮–૦૫–૯૨ મુજબ સર્વે નંબરઃ ૨૦૮ માં કબ્જેદાર નુ નામ – પરબત મહિદાસ જમીન ક્ષેત્રફળ – ૦૬ એકર ૦૨ ગુઠા બતાવેલ છે.**<br>• **તલાટી કમ મંત્રી શ્રી – ગ્રામ પંચાયત ખડીયા દ્વારા અપાયેલ દાખલો – તા.૧૮–૦૫–૯૨ મુજબ – પરબત મહિદાસ સર્વે નંબરઃ ૨૦૮ માં સ્વતંત્ર કુવો આવેલ છે.**<br>6. અરજદાર દ્વારા નામ બદલીની અરજી માટે રજુ કરાયેલ ૭–૧૨,૮–અ મુજબ નીચે પ્રમાણે વિગત છે.<br>• ગામ ના નમુના નં.૮–અ તા.૨૫–૦૨–૧૧ મુજબ સર્વે નંબરઃ ૨૦૮ ખાતા નં.–૨૦૩ કબ્જેદાર નુ નામ – શ્રી ગીરધરભાઈ પરબતભાઈ ટીલવા ( ૧૫૩૩) જમીન ક્ષેત્રફળ – ૨.૪૪.૮૪ હેક્ટર આરએ ચોમી. બતાવેલ છે.<br>• નમુના નં. ૭ માં સર્વે નંબરઃ ૨૦૮ કબ્જેદાર નુ નામ ગીરધરભાઈ પરબતભાઈ ટીલવા – તેમજ જેમા કુવો –૦૧ બતાવેલ છે, જેમા નવનીત મોહન ને સર્વે નંબરઃ ૨૦૯ /૧ / પી–૨ ના કુવામાથી – ૫૦% હકક આવેલ છે, તે ૫૦% હકકમાથી ૩૩% પાણી લેવાનો હકક છે. તેમજ અન્ય એક કુવો અને એક બોર બતાવેલ છે.<br>7. ઉપરોક્ત બાબતે –સામેવાળા દ્વારા તલાટી કમ મંત્રી શ્રી ગામ ખડીયા ને પત્ર નં.–૭૪૪૯ તા.૦૧–૧૨–૧૮ થી અરજદાર ના સર્વે નંબર બાબતે સ્પષ્ટતા માંગેલ – જે અન્વયે મામલતદાર શ્રી ગ્રામ્ય જુનાગઢ ના પત્ર નં.–જમીન/સી/૩૩૩૨૮/૨૦૧૮ તા.૨૬–૧૨–૧૮ ની નકલ રજુ કરેલ છે, તે મુજબ –<br>• મોજે ખડીયા ગામ **ના સર્વે નંબરઃ ૬૬/૧** ની જમીન હે. ૦–૩૩–૩૮ ની જમીન ખેડ ખાતા નં. –૩૨૭ થી હરસુખભાઈ રવજીભાઈ રાઠોડ વગેરે સંયુક્ત નામે આવેલ છે.<br>• મોજે ખડીયા **ગામ ના સર્વે નંબરઃ ૨૦૮** ની જમીન હે. ૨–૪૪–૮૪ ની જમીન ખેડ ખાતા નં. –૨૦૩ થી ગીરધરભાઈ પરબતભાઈ ટીલવાના સ્વતંત્ર નામે આવેલ છે.<br>• મોજે ખડીયા ગામ ના સર્વે નંબરઃ ૨૦૭/૧ પૈકી ૨ ની જમીન હે. ૧–૦૧–૧૮ ની જમીન ખેડ ખાતા નં. – ૧૫૭ થી નવનીતકુમાર મોહનભાઈ ટીલવાના સ્વતંત્ર નામે આવેલ છે. |
| **૩.૨** | સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ના હૈયાત વીજજોડાણ નં.–૩૬૦૧૯/૦૦૭૦૭/૩ ના રેકર્ડ મુજબ – ખડીયા સર્વે નંબરઃ ૬૬/૧ મા આવેલ છે. જયારે, અરજદાર ની નામ બદલી ની અરજી મા જણાવ્યા મુજબ – સર્વે નંબરઃ ૨૦૮ ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ છે. તેમજ મામલતદાર શ્રી ગ્રામ્ય જુનાગઢ ના પત્ર નં.–જમીન/સી/૩૩૩૨૮/૨૦૧૮ તા.૨૬–૧૨–૧૮ મુ ખડીયા ગામ ના સર્વે નંબરઃ ૬૬/૧ ની જમીન હે. ૦–૩૩–૩૮ ની જમીન ખેડ ખાતા નં. –૩૨૭ થી હરસુખભાઈ રવજીભાઈ રાઠોડ વગેરે સંયુક્ત નામે આવેલ છે. જે ઉપરથી કહી શકાય કે અગાઉ પણ ખડીયા ગામ ના સર્વે નંબરઃ ૬૬/૧ પરબત મહિદાસ ના નામે હોઈ શકે નહી. |

| | |
|---|---|
| | જેથી, ઉપરોકત હકીકતે – સદર અરજદારનું વીજજોડાણ નં.– ૩૬૦૧૯/૦૦૭૦૭/૩ રેકર્ડ મુજબ સર્વે નંબરઃ ૬૬/૧ મા આવેલ છે જે અગાઉ તલાટીકમ મંત્રી ગામ ખડીયા દ્વારા હસ્તલીખીત ૭–૧૨,૮–અ ના દાખલા અપાયેલ હોય – જેમાં સર્વે નંબર લખવામા ભુલ થયેલ હોય – તેમ જણાય છે. જેથી, અરજદારની નામ બદલી ની અરજી ની રજુઆત મુજબ –સર્વે નંબરઃ ૨૦૮ ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ છે, જે ગ્રાહય રાખી અને તે મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી દિન–૩૦ મા અરજદાર તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ કરવી , તેમ – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.